


‘આજે આંતરરાષ્ટ્રીય બાયોડાયવર્સિટી ડે’

# 144 કરોડનો સુરતનો પાર્ક એક જ વર્ષમાં બિસમાર

**લોકાર્પણના** એક જ વર્ષમાં રમતગમતના સાધનો તુટી ગયા, સાઈન બોર્ડ પણ ફાટી ગયાં

સુરતઃ દર વર્ષે 22મી મેના રોજ સમગ્ર વિશ્વમાં પર્યાવરણ અને પ્રકૃતિના રક્ષણ માટે ‘આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ’ (International Biodiversity Day)ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ કુદરતી સંપદાનું જતન કરવાનો અને વનસ્પતિ તેમજ જીવસૃષ્ટિ માટે સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવાનો છે. સુરત શહેરમાં પણ પર્યાવરણની જાળવણી અને પ્રકૃતિપ્રેમીઓને એક અદ્ભુત ભેટ આપવાના દાવા સાથે સુરત મહાનગરપાલિકા દ્વારા એક અત્યંત મહત્વકાંક્ષી પ્રોજેક્ટ સાકાર કરવામાં આવ્યો હતો.

સુરતના અલથાણ-બમરોલી વિસ્તારમાં કાંકરા ખાડીના બંને કિનારે આશરે 60 થી 68 હેક્ટર જેટલી વિશાળ જમીન પર ‘વાઇલ્ડ વેલી બાયોડાયવર્સિટી પાર્ક’નું નિર્માણ કરવામાં આવ્યું હતું.

- **આ પ્રોજેક્ટ માટે સ્માર્ટ સિટી મિશન હેઠળ ફ્રાન્સ ડેવલપમેન્ટ એજન્સી અને યુરોપિયન યુનિયન દ્વારા પણ મોટી ગ્રાન્ટ આપવામાં આવી હતી.**
- **બરાબર એક વર્ષ પહેલા, 27 મે 2025ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમથી આ પાર્કનું સત્તાવાર લોકાર્પણ કરીને તેને સુરતના નાગરિકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.**
- **આશરે 5 લાખથી વધુ સ્થાનિક અને ઔષધીય વૃક્ષ-છોડ રોપવામાં આવ્યા છે.**

### કરોડોના ખર્ચે બનેલા બાયોડાયવર્સિટી પાર્કની વર્તમાન બિસ્માર હાલત

(1) કરોડોના ખર્ચે બાળકો અને નાગરિકો માટે વસાવવામાં આવેલા રમતગમતના કિંમતી સાધનો ઠેર-ઠેરથી તૂટી ગયેલી હાલતમાં જોવા મળી રહ્યા છે, કસરતના સાધનો પણ તૂટી ગયા છે.
(2) યોગા માટેની મેટ પણ ફાટેલી અને તૂટેલી હાલતમાં છે.
(3) પાર્કની અંદર અલગ-અલગ ઝોન અને વૃક્ષોની માહિતી આપવા માટે લગાવવામાં આવેલા આકર્ષક સાઇન બોર્ડના પ્લાસ્ટિક વિખેરાઈ ગયા છે.
(4) અર્બન ફોરેસ્ટની યોગ્ય જાળવણી કરવામાં તંત્ર સંપૂર્ણપણે નાકામ સાબિત થયું છે.
(5) સિક્યોરિટી અને દેખરેખના અભાવે આ પાર્ક કચરામાં ફેરવાઇ ગયો છે.

# MMTHમાં અસરગ્રસ્ત 187ને વૈકલ્પિક આવાસ

સુરતઃ મહાનગરપાલિકાના ડિપાર્ટમેન્ટ ઓફ એફોર્ડેબલ હાઉસિંગ દ્વારા કેન્દ્ર સરકારના MMTH પ્રોજેક્ટ અંતર્ગત અસરગ્રસ્ત પરિવારોને વૈકલ્પિક આવાસ ફાળવવાની મહત્ત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગુરુવારે સરદાર સ્મૃતિ ભવન, મીની બજાર, વરાછા રોડ ખાતે યોજાયેલી ડ્રો પ્રક્રિયામાં પ્રથમ તબક્કામાં કુલ 187 લાભાર્થીને અલથાણ ખાતે આવાસોની ફાળવણી કરવામાં આવી હતી.

ઉમરવાડા બીજા ફેરફાર અંતર્ગત પશ્ચિમ રેલવેને સમાંતર સૂચિત 24.38 મીટર પહોળાઈના ટી.પી. રોડ તથા અનામત અંતિમખંડ નં. 30 અને અંતિમખંડ નં.25 તથા 29 વચ્ચેથી પસાર થતા 18 મીટર પહોળાઈના ટી.પી. રોડને ખુલ્લા કરાવવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીમાં અવરોધરૂપ બનેલાં મકાનો અને ઝૂંપડાંના કુલ 151 અસરગ્રસ્તને સ્થળાંતરિત કરવાના છે. ઉપરાંત ટી.પી. સ્કીમ નં.8 (ઉમરવાડા)ના એફ.પી. નં.25 અને 29/1 ખાતે SITCOની કામગીરીમાં નડતરરૂપ બનેલાં કુલ 36 મકાન અને ઝૂંપડાના અસરગ્રસ્તોને પણ આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ પ્રથમ તબક્કામાં કુલ 187 લાભાર્થીને રાજ્ય સરકારની ‘રિડેવલપમેન્ટ ઓફ પબ્લિક હાઉસિંગ યોજના-2016’ અંતર્ગત પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ ધોરણે તૈયાર કરાયેલાં આવાસો ફાળવવામાં આવ્યાં હતાં. મનપાને પ્રાપ્ત વધારાના એફોર્ડેબલ હાઉસિંગ આવાસોમાંથી ટી.પી. સ્કીમ નં.28 (અલથાણ-ભટાર), ફાઈનલ પ્લોટ નં.116 ખાતે આવેલા અલથાણ ટેનામેન્ટમાં નિર્મિત આવાસો માટે અસરગ્રસ્તોની હાજરીમાં પારદર્શક રીતે ડ્રો પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

## ખજૂરાવાડીની 13થી વધુ રૂમ વિવાદ કેસમાં બે આરોપી ભાડુત જામીનમુક્ત

સુરતઃ ફિરોઝ મુનશીની ફરિયાદના આધારે લાલગેટ પોલીસે મિલકત પચાવી પાડવાના ઈરાદે ખોટી ભાડાચિઠ્ઠી બનાવવાના કેસમાં આરોપી ફારૂક શેખ, અયુબ ભીખન શેખ (રહે.,ખજૂરાવાડી, વરિયાળી બજાર)ની ધરપકડ કરી હતી. આરોપી મોહમ્મદ ફારૂકે એડ્વોકેટ રોહન પાનવાલા મારફતે અને આરોપી અયુબએ એડ્વોકેટ અશ્વિન જોગડિયા મારફતે જામીન અરજી કરી હતી. આ બંને જામીન અરજીની સુનાવણી દરમિયાન અરજદાર તરફે દલીલો કરવામાં આવી હતી કે સમગ્ર કેસ ભાડુત અને મકાન માલિક વચ્ચેની મિલકતના કબજાના તકરાર બાબતનો છે. જે સિવિલ નેચરનો છે અને આવા કેસને ક્રિમિનલ સ્વરૂપ આપી શકાય નહીં. સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે બંને આરોપીને શરતી જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

# તાપમાનમાં વધારો છતાં પવનથી ગરમીમાં આંશિક રાહત

**દક્ષિણ**-પશ્ચિમના પવનથી વાતાવરણમાં બદલાવ, ભેજનું પ્રમાણ ઘટતાં ઉકળાટમાં ઘટાડો

સુરતઃ સુરત શહેરમાં ગુરુવારે ગરમીમાં ફરી થોડો વધારો નોંધાયો હતો. શહેરનું મહત્તમ તાપમાન એક ડિગ્રી વધીને ૩૫.૯ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાનમાં પણ આંશિક વધારો થતાં તે ૨૮ ડિગ્રી નોંધાયું હતું. દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ રહ્યો હોવા છતાં દક્ષિણ-પશ્ચિમ દિશાથી ફુંકાયેલા પવને નાગરિકોને આંશિક રાહતનો અનુભવ કરાવ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં હવામાં ભેજનું પ્રમાણ ૫૧ ટકા નોંધાયું હતું. ભેજનું પ્રમાણ અગાઉની સરખામણીએ નિયંત્રિત રહેતાં ભારે ઉકળાટનો અનુભવ ઓછો થયો હતો. બીજી તરફ ૧૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ફુંકાયેલા દક્ષિણ-પશ્ચિમના પવનથી વાતાવરણમાં ઠંડકનો અહેસાસ થયો હતો. બપોરના સમયે સૂર્યપ્રકાશ તીવ્ર રહેતાં રસ્તા પર ગરમીનો માહોલ જોવા મળ્યો હતો. જો કે, સાંજ બાદ પવનની ગતિ વધતાં વાતાવરણ થોડું સુમેળભર્યું બન્યું હતું. શહેરના વિવિધ વિસ્તારોમાં લોકોને ગરમીની તુલનાએ ભેજ અને પવનનું મિશ્ર વાતાવરણ અનુભવાયું હતું.

### ગરમીને લીધે કોઝ વેના પાણીમાં નાહવા પડેલા યુવકનું ડૂબી જતાં મોત

સુરતઃ ગરમીને લીધે કોઝ વેના પાણીમાં નાહવા પડેલા યુવકનું ડૂબી જતાં મોત થયું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ નેપાળના વતની દિનેશ નારાયણ વિશ્વકર્મા (ઉં.વ.27) હાલ પાલનપુર જકાતનાકા પાસે આવેલા જીવનજ્યોત બિલ્ડિંગમાં રહેતો હતો. તે ચાઈનીઝની લારી ઉપર નોકરી કરતો હતો. બુધવારે બપોરે આકરી ગરમીમાં રાહત મેળવવા માટે દિનેશ તેના અન્ય બે પિતરાઈ ભાઈઓ સાથે કોઝ વેના પાણીમાં નાહવા માટે ગયો હતો. જ્યાં તે રેલીંગ પકડીને પાણીમાં નાહવા પડ્યો હતો. દરમિયાન તેના હાથમાંથી રેલીંગ છૂટી જતાં તે પાણીમાં ડૂબી ગયો હતો. બનાવની જાણ થતાં ફાયરની ટીમ સ્થળે દોડી ગઈ હતી અને તેના મૃતદેહને બહાર કાઢીને પોલીસને સોંપ્યો હતો.

# પિતાએ પબ્જી રમવાની ના પાડતાં 3 ભાઈ-બહેનોએ ઘર છોડી દીધું

**બાળકો** ટ્રેન મારફતે મુંબઈ તરફ જતાં દેખાતાં પોલીસની દોડધામ

**દિલ્હી** જયપુર અને મુંબઇ ફરી સુરત આવી ગયા

સુરતઃ બે પુત્રો અને એક પુત્રી મોબાઈલમાં પબ્જી ગેમ રમવામાં એટલા મશગૂલ હતા કે તેના પિતાએ ઠપકો આપ્યો તો તે ત્રણેય ઘર છોડી ભાગી ગયા હતા. ત્રણેય ભાઈ-બેહનો ટ્રેન મારફતે મુંબઈ તરફ નાસી છૂટ્યા હોવાનું જાણવા મળ્યું છે.આ અંગે ચોક બજાર પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પંડોળ વિસ્તારની આ ચોંકાવનારી અને વાલીઓ માટે આંખ ઉઘાડનારી ઘટનામાં 14 અને 11 વર્ષના બે ભાઈ તેમજ 9 વર્ષની બહેન ત્રણેય મોબાઈલમાં પબ્જી ગેમ રમતા હતા. મોડી રાત સુધી પબ્જી ગેમ રમનારા ત્રણેયને તેના પિતાએ ઠપકો આપ્યો હતો. જેથી તા. 19મીએ વહેલી સવારે ચાર વાગ્યે ત્રણેય ભાઈ-બહેન ઘર છોડી જતા રહ્યા હતા. ચોકબજારના પોઈ શૈલેશ રાડતાએ કહ્યું હતું કે પોલીસની તપાસમાં આ બાળકો ટ્રેન મારફતે મુંબઈ તરફ જતાં જોવા મળ્યા છે. જેના આધારે તેની શોધખોળ ચાલુ છે. ટૂંક સમયમાં બાળકો હેમખેમ મળી જશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. આ બાળકો દિલ્હી મુંબઈ જેવા શહેરોમાં ફરી પરત આવી ગયા હતા.

રક્તરંજીત સુરતમાં એક જ દિવસમાં વધુ બે હત્યા

# પાંડેસરામાં ધો. ૧૦ના વિદ્યાર્થીની હત્યા

**૧૫૦૦** રૂપિયાની લેતી દેતીમાં કિશોર મિત્રએ જ હત્યા કરી

સુરતઃ પાંડેસરામાં ધોરણ 10ના વિદ્યાર્થીની પૈસાની લેતી દેતીમાં કિશોરે જ હત્યા કરી નાંખતા ચકચાર મચી ગઈ છે.

પાંડેસરાના હરીઓમ નગરમાં રહેતા ગુપ્તા પરિવારનો ૧૬ વર્ષનો દીકરો હીર (નામ બદલ્યું છે)ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે. ગત તારીખ ૨૦/૦૫/૨૦૨૬ના રોજ સાંજે હીરના મિત્ર હેપ્પી સાથે મિત્ર રાહુલે (નામ બદલ્યું છે) બળજબરી કરી મોટરસાયકલની ચાવી જૂના પૈસાની ઉઘરાણી બાબતે ઝૂંટવી લીધી હતી. આ બાબતે રાહુલના માતા-પિતાને જાણ કરવા માટે હીર અને તેના મિત્રો રાત્રે ૧૦:૩૦ વાગ્યે રાહુલના ઘરે ગયા હતા. ટેરેસ પર સૂતેલા રાહુલ અને તેની માતાને જગાડીને નીચે લાવી વાતચીત શરૂ કરતા જ રાહુલ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો ભાંડી ઢીકમુક્કીનો માર મારવા લાગ્યો હતો. તેની માતાએ વચ્ચે પડી છોડાવ્યા હોવા છતાં, રાહુલ દોડીને ઘરમાં ગયો હતો અને તીક્ષ્ણ ચપ્પુ લાવી હીરની છાતીના ડાબી બાજુના ભાગે ઘા કરી દેતા તેનું મોત થઇ ગયું હતું. રાહુલની પૂછપરછ દરમિયાન હકીકત જણાવી હતી કે, રાહુલ હેપ્પી અને હીર તેઓ મિત્રો છે અને એક અઠવાડિયા પહેલા તેઓ ફરવા ગયા હતા.આ દરમિયાન હેપ્પી થી રાહુલનો મોબાઈલની ડિસ્પ્લે તૂટી ગઈ હતી. જેથી હેપ્પી ડિસ્પ્લે નાંખવાનો ખર્ચો આપવાનું કબૂલ્યું હતું.જે બાદ રાહુલે ડિસ્પ્લે નંખાવતા ૧૫૦૦ રૂપિયા ખર્ચો આવ્યો હતો જે હેપ્પી આપતો ન હતો જેથી આ મામલે તેની સાથે માથાકૂટ થઈ હતી.

### અમરોલીમાં રાજસ્થાની યુવકની બોથડ પદાર્થ મારી હત્યા

**સોશિયલ** મીડિયામાં વિડીયો જોઇને પરિવારને હત્યાની ખબર પડી

સુરતઃ અમરોલી વિસ્તારમાં મોબાઇલ ફોનના વિવાદમાં પડોશીએ ગામના જ યુવાનની હત્યા કરી નાંખી હતી. જો કે, પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી લીધો છે. પરિવારના એક સભ્યને સોશિયલ મીડિયામાં ફરતો વીડિયો મળ્યો હતો. વીડિયોમાં આરોપી રમેશ ઉર્ફે પાયલટ પારસિંગ ગરાસિયા ખુદ હીરાલાલને માર માર્યાની કબૂલાત કરતો દેખાતો હોવાથી તેમણે તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના સજ્જનગઢ તાલુકાના માંડલી ચોટી ગામના વતની ૫૫ વર્ષીય ચંપાભાઈ દલજી ગરાસિયા ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનો ૩૫ વર્ષીય પુત્ર હીરાલાલ રોજગારી અર્થે સુરતની ભગુનગર-૨ સોસાયટીની સામે રહેતો હતો. ગત તારીખ ૧૫/૦૫/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાના અરસામાં તેને તેના જ વતનના અને પાડોશમાં રહેતા રમેશ ઉર્ફે પાયલટ પારસિંગ ગરાસિયા સાથે મોબાઈલ ફોનની લેતી-દેતી અથવા તેના વપરાશ બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેથી ઉશ્કેરાયેલા રમેશે હીરાલાલ પર બોથડ પદાર્થ વડે હિંસક હુમલો કરી દીધો હતો. જેમાં તેનું મોત થઇ ગયું હતું. તેના પિતાની ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે ગુનો નોંધી તેને ગણતરીના કલાકમાં જ ઝડપી પાડ્યો હતો.

# ઉધનામાં સાત જ મહિનામાં પાણીની લાઈન ફરી તૂટી ગઈ

**ચાર દિવસથી** રસ્તા પર વહી રહ્યું પીવાનું પાણી, મનપાની બેદરકારી ઉઘાડી પડી



સુરતઃ ઉધના ઝોન કચેરીથી નજીકમાં આવેલી આ જગ્યાએ પાણીની લાઈન તૂટી જતાં વહેલી સવારથી જ રાહદારીઓ અને વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સતત પાણી વહેતાં માર્ગ પર કાદવ અને ગંદકી ફેલાઈ ગઈ છે, જેના કારણે ટ્રાફિકની સમસ્યા પણ ઊભી થઈ રહી છે. ચોંકાવનારી બાબત એ છે કે, આશરે સાત મહિના અગાઉ પણ આ જ સ્થળે પાણીની લાઈનમાં ભંગાણ સર્જાતાં મનપા દ્વારા સમારકામ કરવામાં આવ્યું હતું. છતાં ફરી એ જ સ્થળે લાઈન તૂટી જતાં સમારકામની કામગીરી અને તેની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ઈજારદાર અને તંત્રની મિલીભગતના કારણે કામમાં યોગ્ય તકેદારી રાખવામાં આવી નહોતી, જેના કારણે ટૂંકા ગાળામાં ફરી ભંગાણ સર્જાયું છે. એક તરફ પાણીની અછત અને બચત અંગે જાગૃતિ અભિયાન ચલાવતી મનપા બીજી તરફ પોતાના જ તંત્રની બેદરકારી રોકવામાં નિષ્ફળ નીવડી હોવાનું સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે.

### મનપાના હાઈડ્રોલિક વિભાગને લીકેજની જાણકારી નથી, ડે.ઈજનેરનો ઉડાઉ જવાબ: ઝોનમાં પૂછો

ઉધના ઝોનમાં છેલ્લા ચાર દિવસથી પાણીની લાઇન લીકેજ હોય અને હાઈડ્રોલિક વિભાગ જાણે ઊંઘમાં હોય તેવી પ્રતીતિ થઈ રહી છે. હાઈડ્રોલિક વિભાગના કાર્યપાલક ઈજનેર સતીષ વસાવા રજા પર હોય તેઓનો ચાર્જ હાલ ડેપ્યુટી ઈજનેર નીતિન ચૌધરી પાસે છે. પરંતુ તેઓને આ લીકેજ વિશે જાણકારી જ નથી અને તેમને આ વિશે પૂછવામાં આવતાં તેઓએ એવો જવાબ આપીને છટકવાનો પ્રયાસ કર્યો હતો કે, આ વિશે ઝોનમાં પૂછો.

# NIAની કસ્ટડી હોવાથી કુંદન ભગતનો કબજો મળતો નથી

**એકવાર** પટણા કોર્ટમાં વોરન્ટ જમા કરાવ્યા છતાં ગતિવિધિ ન જણાતા બીજીવાર ટીમ પટણા પહોંચી

સુરતઃ બિહારની જેલમાં બેઠા બેઠા સુરતમાં બેંક લૂંટવાનું કાવતરું ઘડનારો રીઢો ગુનેગાર કુંદન ભગત છેલ્લે એ.કે. 47ના કેસમાં એનઆઈએના હાથે પકડાયો હતો. જેથી એનઆઈએના ગુનામાં જેલમાં ધકેલાયો હતો. જેનો કબજો મેળવવામાં સુરત પોલીસને નાકે દમ આવી રહ્યો છે. કારણ કે એક વખત તો પોલીસની ટીમ પટણા કોર્ટમાં વોરન્ટ જમા કરાવી આવી છતાં કાંઈ ગતિવિધિ આગળ ન ધપતા બીજી વખત એક ટીમ પટણા પહોંચી છે.

વરાછાના લંબે હનુમાન રોડ પર આવેલી એસબીઆઈમાં ગઈ તા. 27 એપ્રિલના રોજ બપોરે એક વાગ્યાથી બે વાગ્યાના સમયગાળામાં પાંચ લૂંટારુ ત્રાટક્યા હતા. જેણે પિસ્તોલ લમણે ધરી રૂ.50 લાખ રોકડની લૂંટ ચલાવી હતી. પોલીસની તપાસમાં એવી ફલિત થયું કે આ લૂંટનું કાવતરું બિહારની જેલમાં બેઠા બેઠા ખૂંખાર આરોપી કુંદન ભગતે ઘડ્યું હતું. જે કાવતરું પાર પાડવા કુંદન ભગતે જ અલગ અલગ રાજ્યોના ગુનેગારોને સુરત મોકલ્યા હતા. આટલું સ્પષ્ટ થતાં સુરત પોલીસે કુંદન ભગતનો કબજો મેળવવાનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં. વરાછા પોલીસની એક ટીમ સુરત કોર્ટમાંથી વોરંટ કઢાવી ત્યાં પટણા કોર્ટમાં રજૂ કરી આવી હતી. તે વખતે કબજો મળવાની શક્યતા હોવાથી ટીમ બે ત્રણ દિવસ ત્યાં રોકાઈ પણ હતી. કોઈ કારણોસર કબજો ન મળતા એ ટીમ પરત ફરી હતી. આખરે બીજી વખત એક ટીમને પટણા મોકલવામાં આવી છે. હાલ આ ટીમ પટણામાં જ છે.

### 27 દિવસ પછી પણ પાંચ આરોપી પોલીસને મળતા નથી

લૂંટની ઘટના બની તેને આજે 27 દિવસ થયા. આ લૂંટમાં છ લૂંટારા હોવાનું સીસીટીવી કેમેરા મારફતે સ્પષ્ટ થયું છે. જેમાંથી એક લૂંટારું શુભમ પકડાયો હતો. બાકીના પાંચ ભાગી છૂટ્યા હતા. બનાવના 27 દિવસ પછી પણ પોલીસ હજુ સુધી બાકીના પાંચ લૂંટારું સુધી પહોંચી શકી નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી સુમોવ ઘાંચી અડાજણ રાંદેર રોડ વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા કાર્યક્રમ યોજાયો



સુરતઃ શ્રી સુમોવ ઘાંચી અડાજણ રાંદેર રોડ વરિષ્ઠ નાગરિક મંડળમાં મ્યુઝિક ઇવનિંગ અને બેન્કિંગ સર્વિસિસ ઓફ સિનિયર સિટીઝનનો કાર્યક્રમ યોજાયો હતો. ધી સુરત પીપલ્સ કો.ઓપ. બેન્કના સહયોગથી પ્રમુખ નરેશ મંકોડીવાલાના માર્ગદર્શન હેઠળ આનું આયોજન કરાયું હતું. બેન્ક તરફથી માર્કેટિંગ ઓફિસર કમલેશ હવેલીવાલા, ભાવેશ ગાંધી, અને ઋષિએ હાજરી આપી હતી. સભામાં સને 2026 -27ના હોદ્દેદારો તરીકે પ્રમુખ નરેશચંદ્ર મંકોડીવાલા, ઉપપ્રમુખ વસંતભાઈ પાનવાલા, મંત્રી કિશોરચંદ્ર તમાકુવાળા, સહમંત્રી ઈશ્વરભાઈ લાપસીવાળા અને ખજાનચી જ્યોતીન્દ્ર ઘીવાળાના નામો સહિત કારોબારી સભ્યોના નામો જાહેર કરાયા હતા.

### રાંદેર રોડની પ્રેરણાનગર સોસાયટીમાં ક્રિકેટ ટુર્નામેન્ટ રમાઇ




સુરતઃ રાંદેર રોડ સ્થિત શ્રી પ્રેરણાનગર સોસાયટીમાં ગત તા.13થી 17 મે દરમિયાન ‘પી.પી.એલ. 2.0’ના નામે ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોસા.ના 7થી 70 વર્ષ સુધીના ખેલાડી દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. મહિલાઓ પણ તેમાં જોડાઈ હતી. પહેલા લીગ અને બાદમાં સેમિફાઈનલ અને ફાઈનલ મેચ રમાડવામાં આવી હતી. દરરોજ અલ્પાહાર, કૂલ્ફી અને અંતિમ દિવસે સ્વરૂચિ ભોજનની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી. ‘ઓપનિંગ સેરેમની’ તેમજ અંતમાં ‘ક્લોઝિંગ સેરેમની’ દરમિયાન સોસાયટીની મહિલાઓએ અનુક્રમે ‘ગણેશ વંદના’ તેમજ ‘ટ્રોફી મેળવવાનો કોમેડી એક્ટ’ નૃત્ય તરીકે રજૂ કર્યો હતો. સોસાયટીના 50 વર્ષ પૂર્ણ થયા હોઈ ‘પ્રેરણાનગર સ્વર્ણિમ મહોત્સવ’ હેઠળ દરેક સભ્યોને એક-એક ટ્રાવેલ બેગ સ્મૃતિભેટ તરીકે અપાઈ હતી.

### સુરત ક્ષત્રિય મહિલા મંડળ દ્વારા ફેબ્રિક પેઈન્ટિંગ ક્લાસનું આયોજન




સુરતઃ શ્રી સુરત ક્ષત્રિય મહિલા મંડળ ટ્રસ્ટનાં ઉપક્રમે મંડળનાં પ્રમુખ આશાબેન કાપડિયા, હોદ્દેદાર બહેનો અને કમિટીની બહેનોનાં સંપૂર્ણ સહકારથી ફેબ્રિક પેઇન્ટિંગ ક્લાસનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ગનો નાની બાળાઓથી લઈને ગૃહિણીઓ તથા વિવિધ ઉંમરની કલાપ્રેમી બહેનોએ લાભ લીધો હતો. ફેબ્રિક પેઇન્ટિંગ શીખવનાર નિધિ બાટલીવાલા હતાં. તેમણે ખૂબ જ સરળ અને સર્જનાત્મક રીતે માર્ગદર્શન આપી બહેનોને પેઇન્ટિંગ શીખવ્યું હતું.

### માનવ ચેરિટેબલ ટ્રસ્ટની વલસાડના વાવરમાં વિદ્યાર્થીઓને પીવાના પાણીની વ્યવસ્થા



સુરતઃ માનવ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરતના ડો. વિનોદ શાહ અને ડો. નિતિન ગર્ગ એક યાદીમાં જણાવ્યું કે માનવ કલરવ દ્વારા વલસાડ જિલ્લાના અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તાર ગણાતા કપરાડા તાલુકાની સરકારી માધ્યમિક શાળા, વાવર ખાતે વિદ્યાર્થીઓની વર્ષો જૂની પીવાના પાણીની વિકટ સમસ્યાનો અંત લાવવામાં આવ્યો છે. સંસ્થા ‘માનવ ચેરિટેબલ ટ્રસ્ટ’ અને ઉદાર દાતાઓના સહયોગથી શાળાના બાળકો માટે પીવાના પાણીની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ કાર્યમાં શાળાના આચાર્ય મહેન્દ્રભાઈ યુ પટેલ તથા શિક્ષકોએ પણ ખડેપગે ઉભા રહી કાર્ય પૂર્ણ કરાવ્યું હતું.

### કુરુક્ષેત્ર ભૂમિ પર ‘પંચ નિષ્ઠા’ કથા સંપન્ન

સુરત : કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ટ્રસ્ટ દ્વારા પવિત્ર અધિક માસના પાંચમા દિવસે ‘પંચનિષ્ઠા ના રાજાઓની કથા’ અંતર્ગત વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. રામમઢી આશ્રમના સંત મુળદાસ બાપુના સાનિધ્યમાં કથાકાર સંત હંસ મુની બાપુએ લોકશાહીના રાજા વિશે પ્રવચન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે, લોકોના કામો કરી તેમના દિલમાં સ્થાન પામે તે જ સાચો લોકશાહીનો રાજા છે. કથા દરમિયાન દેશની આઝાદી માટે બલિદાન આપનાર વીર ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, સુખદેવ, રાજગુરુ અને સુભાષચંદ્ર બોઝ જેવા મહાન શહીદોને યાદ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે મનપાના પૂર્વ ડે.કમિ. સી.વાય. ભટ્ટસહિત અન્યો ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં ભાવિક બહેનોએ સમૂહ આરતી કરી ધન્યતા અનુભવી હતી. અંતમાં રામમઢી આશ્રમ ખાતે તમામ ભક્તો માટે મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરાયું હતું.

### તા.4થી 6 જૂન દરમિયાન સુરતમાં રોટરી ક્લબનો મફત જયપુર ફૂટનો કેમ્પ

સુરતઃ રોટરી ક્લબ ઓફ તાપી સુરત અને સુરતની અન્ય રોટરી ક્લબ તેમજ મુંબઈની સેવાભાવી સંસ્થા ઈન્ડિયા હ્યુમિનિટી ફાઉન્ડેશન તેમજ મહાવીર સેવા સદન દ્વારા આગામી તા.4થી 6 જૂન દરમિયાન પાર્લે પોઈન્ટ, સેન્ટ્રલ બિઝનેસ મોલ નજીક, શ્રી વિદ્યાસુધા જૈન ભવનના જૈન હેલ્થસેન્ટર ખાતે દિવ્યાંગોને મફત જયપુર ફૂટ, પ્રોસ્ટેટિક હાથ અને કેલિપર્સ વિનામૂલ્યે આપવાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે ગૌતમ પટેલને નોંધણી કરાવવા માટે જણાવવામાં આવ્યું છે.

### છીપા ભાવસાર પંચનું સાંસ્કૃતિક સંમેલન થયું



સુરતઃ શ્રી સુરત છીપા ભાવસાર પંચ દ્વારા આયોજિત 28મું સાંસ્કૃતિક સંમેલન તા. 10 મે, 2026ના રવિવારે અલથાણ કોમ્યુનિટી હોલ ખાતે ઉત્સાહભેર અને ભવ્ય રીતે યોજાયું હતું. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. સાથે જ 100થી વધુ યુવક-યુવતીઓએ ડિજિટલ પરિચય મેળામાં પણ ભાગ લીધો હતો. આ મેળામાં રાજકોટ, મુંબઈ, અમદાવાદ, ભરૂચ, વડોદરા, બારડોલી અને નવસારી સહિત વિવિધ શહેરોમાંથી યુવક-યુવતીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ દાતાશ્રીઓના સહયોગ અને શ્રી સુરત છીપા ભાવસાર પંચના કમિટી સભ્યો, આયોજકો તથા યુવા કાર્યકરોના નેતૃત્વ હેઠળ સવારથી સાંજ સુધી સુવ્યવસ્થિત રીતે કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો.